ત્રિ માસીક મુખપત્ર

પ્રથમ અંક

ધી રાજકોટ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કન્ઝયુમર
કો. ઓપ. સોસાયટી લી. (અપના બજાર)
ભૂપેન્દ્ર રોડ, બાલજી હનુમાનજી મંદિર સામે, ઝરાની કેતન
રાજકોટ

ચેરમેનશ્રીની કલમેથી....

મિત્રો..

અપના બજારના માનનીય સભા સદો, અપના બજાર સાથે સંકળાયેલા જુની પેઢીના અનેક કાર્યકરો અને વર્ષોથી સેવા આપતા સંસ્થાના કર્મચારીઓ, નિવૃત કર્મચારીઓ, નિવૃત ડાયરેક્ટર્સ અને સભાસદો વિગેરે સમક્ષ સંસ્થાનું આ મુખપત્ર રજૂ કરતાં હર્ષ અનુભવું છું. આશરે દોઢ માસ પહેલા,સંસ્થાના ડાયરેક્ટરશ્રી વિક્રમસિંહજી જે. પરમાર, વાઈસ ચેરમેનશ્રી મહેશભાઈ કોટક, અને નયનાબેન મકવાણા, તથા હું માનનીયશ્રી કલ્પકભાઈ મણિયારશ્રીને મળેલ ત્યારે, તેમને પરિવારનો સભ્યો એટલે કે સભા સદો સાથે સંસ્થાનો સંપર્ક સેતુ,જળવાય રહે અને સંસ્થાની માહીતી મળતી રહે, તથા સંસ્થાના વિકાસની, જુદી-જુદી પ્રવૃતિઓની માહીતી આજનાં ડિજિટલ યુગમાં તાત્કાલિક સભા સદો અને અન્ય તમામ સેવામાં સંકળાયેલા લોકોને મળતી રહે તે હેતું આ મુખપત્ર શરૂ કરવાનો વિચાર વિમસ થયેલો. અને આજનું એ આપણી સહકારી સંસ્થાનો પ્રથમ પ્રયાસ છે.

૧૯૬૩ માં સહકારી પ્રવૃતિ વિશે કોઈને પણ માહિતી ન હતી, અને આ પ્રવૃતિ પાપા પગલામાં હતી ત્યારે સ્વ. શ્રી અરવિંદભાઈ મણીયાર, દ્વારભૂતપૂર્વ ધારા સભ્ય, રાજકોટના પ્રથમ મેયર,અને રાજકોટ નાગરિક સહકારી બેંક લી. નાં ચેરમેન, તથા સ્વ. શ્રી ચીમનભાઈ શુક્લ , કે જેઓ રાજકીય ક્ષેત્ર અગ્રગણ્ય હતા, અને પ્રખ્યાત ફોજદારી સાઈડના વકીલ હતા. તથા શ્રી

વજુભાઈ વાળા, ભૂતપુર્વ, ધારા સભ્ય અને હાલના કર્ણાટક રાજ્યના ગવર્નર શ્રી અને અનેક કાર્યકરોની મહેનતથી અપના બજાર ના નામની આ નાની સંસ્થા ને વટવૃક્ષ સમ વિશાળ બનાવવા ભેખ લીધેલ સ્વ. શ્રી ચીમનભાઈ શુક્લની આગેવાનીમાં અનેક કાર્યકરો તૈયાર થયેલા.

આ સંસ્થાને આગળ ધપાવવા માટે સંસ્થાના ભૂતપૂર્વ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ શેઠ , અરવિંદભાઈ સોજિત્રા, નટુભાઈ ચાવડા, તથા રાજકોટ નાગરીક સહકારી બેંક લી. ના ઓફિસર શ્રી શરદભાઈ વોરા, અને શ્રી નટુભાઈ રાઠોડ, નો અગ્રગણ્ય ફાળો છે. સંસ્થા મુખ્યત્વે ગેસ એજન્સી ધરાવતી હતી, પરંતુ જુની પેઢીનાં અગ્રગણ્ય આગેવાન શ્રી છોટુકાકાના માર્ગદર્શન હેઠળ સંસ્થા છેલ્લા ૩૦ વર્ષ થી પાઠ્ય પુસ્તકોની એજન્સી ધરાવે છે અને રાજકોટ જિલ્લામાં ધોરણ ૧ થી ધોરણ ૧૨ સુધીના અભ્યાસના પુસ્તકોનું વિતરણ જુદા જુદા બુક સેલર્સ ને કરે છે.

સંસ્થાએ હાલમાં જેનરીક દવાઓનું વેચાણ શરૂ કરેલ છે અને હાલમાં જેનરિક દવા વેચાણ માટે અપના બજારના બે સ્ટોર્સ કાર્યરત છે જે અનુક્રમે સંસ્થાની મુખ્ય ઓફિસ, ભૂપેન્દ્ર રોડ પર તથા આનંદનગર , નીલકંઠ ટોકીઝ ની સામે આવેલ છે. જ્યાંથી ડાયાબીટીસ , થાઇરોડ , બ્લડ પ્રેસર , અને અન્ય રોગોની દવાઓ ખૂબ જ કિફાયતી ભાવથી વહેચાણ કરવામાં આવે છે. અને જાહેર જનતા તરફથી સંસ્થાની આ પ્રવૃતિને બહોળો પ્રતિસાદ અને અનુમોદન મળેલ છે.

સંસ્થાના હાલ આશરે ૧૧૮૦૦ શેર હોલ્ડર છે અને સંસ્થા પચાસ રૂપિયાના શેર ઉપર દર ત્રણ વર્ષે સારી એવી ગીફ્ટ આપે છે. ઉપરાંત શેર હોલ્ડરોને સંસ્થા ૧૫% ડિવિડન્ટ આપે છે, અને આવનારા વર્ષોમાં સંસ્થાની પ્રગતિ વધુને વધુ થતી હોય, સભા સાદોને અચૂક આ મુશ્કેલ સમયમાં પણ વધુને વધુ લાભ આપવાનો, સંસ્થાના ચેરમેન, વાઈસ ચેરમેન, અને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ પ્રયત્નશીલ છે.

“અપના બજાર” એ રાજકોટ શહેર તથા જિલ્લાની પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા છે, છ , છ દસકાથી રાજકોટની જનતાને જીવન જરૂરી ચીજવસ્તુ ઉતમ ગુણવતા અને વ્યાજબી કિમતે પૂરી પાડી ખરા અર્થમાં જન સેવાની આરાધના કરતું રાજકોટનું પોતીકુ નામ અર્થાત અપના બજાર.

અપના બજાર દ્વારા વખતો વખત સમાજનું સમાજને પરત આપવાની પરંપરા અંતર્ગત કોરોનાકાળમાં ગરીબ પરિવારોને રાશનકીટ વિતરણ હોય કે પર્યાવરણ જન જાગૃતિ અર્થે વૃક્ષારોપણ પ્રવૃતિને વેગ આપવાનો હોય “અપના બજાર” રાજકોટ અને રાજકોટિયન્સ ના વિકાસમાં છ દસકાથી અડીખમ રહ્યું છે.

સંસ્થાની ચાલુ સીઝનની પ્રવૃતિ અને સંસ્થાના ભવિષ્યનાં મિશન-ઉદેશ-વિગેરે અંગે આવતાં મુખપત્રમાં વિચાર વિમર્સ કરીશું. આપ તમામના કોઈ પણ સૂચનો, આપ લેખિતમાં મોકલવી શકો છો. જે સૂચનો અંગે સંસ્થા ગંભીરતા થી ધ્યાન આપશે.

વધુ આવતા અંકમાં મળશું.

પી. આર. દેસાઈ

ચેરમેન-અપનાબજાર

રાજકોટ